**વર્ષ ૨૦૧૬-૧૭ નવી બાબત**

મુનિ સેવા આશ્રમ દ્વારા સંચાલિત વિટીસી ગોરજ તાલુકો વાઘોડીયા, જીલ્લો વડોદરા વિટીસીના બાંધકામ અંગેની બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૬/ન.બા.૧૫/ધ

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૮/૦૭/૨૦૧૬

**વંચાણે લીધા** :-

(૧) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગરનો તા.૩૦/૧૧/૧૫નો પત્ર ક્રમાંક: વીકેવાય/૨૦૧૫/૨૧૫૩/ડી.સેગ/૨૪૯૬-૯૮

(૨) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગરનો તા.૨૯/૦૪/૧૬નો પત્ર ક્રમાંક: વીકેવાય/૨૦૧૫/૨૧૦૩/ડી.સેગ/૧૭૩૪-૩૬

(૩) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગરનો તા.૦૫/૦૭/૧૬નો પત્ર ક્રમાંક: વીકેવાય/૨૦૧૫/૨૧૦૩/ડી.સેગ/૨૪૦૯

**પ્રસ્તાવના** :-

આદિજાતિ સમાજના સશક્તિકરણ માટે તેમની ક્ષમતાની વૃધ્ધિ માટે અને તેમના દ્વારા તેમના થકી વિકાસના નવા અવસરોનો વધુમાં વધુ લાભ લે તે માટે વ્યુહાત્મક રીતે અને નીતિગત રીતે નવા વ્યુહ સાથે આદિજાતિઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષના કાર્યક્રમોમાં ગુણવત્તા યુક્ત અને પરિણામલક્ષી યોજનાના અમલીકરણના ભાગરૂપે વનબંધુ કલ્યાણ યોજના અમલમાં આવેલ છે. આ યોજના અંતર્ગત માન.મુખ્યમંત્રીશ્રીના દશ મુદ્દા કાર્યક્રમના મુદ્દા "શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસ" ઉપર ભાર મુકવામાં આવેલ છે. આ પરિણામો હાંસલ કરવા માટે ખાનગી સંસ્થાઓને સાંકળવામાં આવે તો યોજનાનું અમલીકરણ અસરકારક રીતે થઈ શકે. ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૧) થી મુનિ સેવા આશ્રમ દ્વારા સંચાલિત વિટીસી

ગોરજ તાલુકો વાઘોડીયા, જીલ્લો વડોદરા વિટીસીના બાંધકામ અંગેની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ.

વિટીસી પ્રોજેકટ મુનિ સેવા આશ્રમને ડી.સેગની હાઈ પાવર કમીટી દ્વારા મંજૂરી મળેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬ના S.O.R મુજબ અંદાજિત રૂ.૩૧૧૭.૯૯ લાખના અંદાજો કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, વડોદરા દ્વારા રજુ કરવામાં આવેલ. આ કામે થનાર રૂ.૩૧.૧૮ કરોડના ખર્ચ પૈકી રાજ્ય સરકાર અને સંસ્થા વચ્ચે ડી.સેગ સાથે થયેલ T.O.R મુજબ રૂ.૧૧.૪૧ કરોડની પ્રોજેક્ટ કોસ્ટ ૭૫:૨૫ ના ધોરણે વહેંચણી કરવામાં આવશે. બાકીનું તમામ ખર્ચ સંસ્થા પોતાના ભંડોળમાંથી ભોગવશે. જે મુજબ ૭૫ % રૂ.૮૫૫.૭૫ લાખ સરકારશ્રી ભોગવશે જ્યારે રૂ.૨૮૫.૨૫ લાખ સંસ્થાએ ભોગવવાના રહેશે. વિટીસી સંસ્થા ગોરજ ખાતે મુનિ સેવા આશ્રમ ટ્રસ્ટ દ્વારા સંચાલિત વિટીસીના બાંધકામ અંગે રૂ.૯૫૭.૪૩ લાખના અંદાજો અને તે અન્વયે વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં થયેલ રૂ.૨૧૪.૦૦ લાખની જોગવાઈ અંગેની નવી બાબતને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## <u>ઠરાવ</u>:-

પુખ્ત વિચારણાને અંતે મુનિ સેવા આશ્રમ દ્વારા સંચાલિત વિટીસી ગોરજ તાલુકો વાઘોડીયા, જીલ્લો વડોદરા વિટીસીના બાંધકામ માટે અંદાજીત રકમ <u>રૂ.૯૫૭.૪૩ લાખની</u> અને તેની સામે વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ અંગેની <u>રૂ.૨૧૪.૦૦ લાખની</u> નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે:

## <u>શરતો</u>:-

(૧) આ બાબતે વહીવટી મંજુરી અંગેના જરૂરી હુકમો કર્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનુ રહેશે.

(૬) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષે આખરે સરન્ડર કરવાની રહેશે

(૭) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૮) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૯) સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઇઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૧૦) રાજ્ય સરકારની P.P.P પોલીસી મુજબ તા.૨૧/૦૬/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ નશઅ/૧૦૦૮/૭૬૩/ઘની જોગવાઇ મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧૧) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ /૧૦૨૦૦૫ /૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: ૯૯, વીકેવાય (૩૦૫), પીપીપી મોડેલ હેઠળ વ્યવસાય તાલીમ કેન્દ્ર હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૬/૦૭/૨૦૧૬ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયોતિ કે.પટેલ)
સંયુકત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પ્રાયોજના અધિકારીશ્રી, વડોદરા.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક ઇજનેર, કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી,માર્ગ અને મકાન વિભાગ(વડોદરા), "સુપ્રભાત બંગલો", અલકાપુરી, વડોદરા.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

D:\gh-3-\G.R.2016-17\PRC-102016-N.B.15-GH-GR.docx